# ભિલોડામાં માર્ગો પશુઓની ગમાણોમાં ફેરવાયા

## માર્ગો પર રખડતા પશુઓથી પ્રજાજનો અને વાહનચાલકો હેરાન-પરેશાન

ભિલોડા,તા.૨૦

ભિલોડામાં માર્ગો ઉપર રખડતા પશુઓથી પ્રજાજનો અને વાહનચાલકો હેરાન-પરેશાન થઈ રહ્યા છે. માર્ગો પશુઓની ગમાણોમાં ફેરવાયા છે .ભિલોડામાં ઈડર-શામળાજી ધોરીમાર્ગ ઉપર રખડતા પશુઓથી પ્રજાજનો, રાહદારીઓ, વાહનચાલકો ત્રાહિમામ પોકારી ગયા છે.જ્યારે ખાસ કરીને બજાર વિસ્તારોના માર્ગો ઉપર રખડતી ગાયો, બકરાં, ગધેડાં, કુતરાઓના અડિંગા રહેતા હોવાથી ટ્રાફિકમાં ભારે અવરોધ સર્જાય રહ્યો છે. જ્યારે કેટલાક વાહન ચાલકોને ગાયો અને સાંઢ શીંગડે ચડાવતા હોવાથી અકસ્માતો વધ્યા હોવાનું લોકમુખે ચર્ચાય છે. ગાયને માતા કહેનારા હિંદુઓ ગાય માતાને રખડતી મુકી દેતાં જીવદયા પ્રેમીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જીવદયા પ્રેમીઓના જણાવ્યા મુજબ ગાય સહિત અનેક પશુઓને રેઢાં મુકનારા પશુપાલકો સામે લાગતા-વળગતા તંત્રના જવાબદાર અધિકારીઓ ધ્વારા સત્વરે પગલાં ભરવા જીવદયા પ્રેમીઓની પ્રબળ





લોકમાંગણી છે. ભિલોડા તાલુકા મથકે જાહેર માર્ગો ઉપર, શોપીંગ સેન્ટરો આગળ,સોસાયટી વિસ્તારો આગળ, મંદીરો પાસે ઠેર-ઠેર ગાયોના ટોળે-ટોળા અડિંગો જમાવી બેસતા હોવાથી રાહદારીઓ, વાહન ચાલકોની મુશ્કેલીઓમાં ઔર વધારો જોવા મળી રહ્યો છે. રખડતા પશુઓના કારણે સ્વચ્છ રહેતા સોસાયટી વિસ્તારોમાં પણ ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે.

ભિલોડાના આસપાસના સીમવિસ્તારમાં રખડતી ગાયોના ટોળે-ટોળા સીમવિસ્તારમાં કેટલાય ખેતરોમાં રાત્રીના સુમારે ઉભા પાકનું ભેરાણ કરી દેતા હોય છે જેના કારણે ખેડૂતોની ઉંઘ હરામ થઈ ગઈ છે. છેલ્લા કેટલાક સમયથી રખડતા પશુઓનો ત્રાસ અસહ્ય વધી રહ્યો છે. રખડતી ગાયોના ટોળે-ટોળા જાહેર માર્ગોની વચ્ચે અડિંગો જમાવતા હોવાથી વાહન ચાલકો, રાહદારીઓ ભારે મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે.છેલ્લા કેટલાક સમયથી માર્ગો ઉપર રખડતા પશુઓનો ત્રાસ જોવા મળે છે. શહેરી વિસ્તારોમાં વાહનોની ગીચતા વચ્ચે ગાયોના ટોળે-ટોળા ટ્રાફીકને અવરોધતા હોવાથી રાહદારીઓ, વાહનચાલકોની હાલાકીમાં વધારો થયો છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ લાગતા-વળગતા તંત્રના જબાવદાર અધિકારીઓ ધ્વારા રખડતા પશુઓને રેઢાં મુકનારા માલિકો સામે સત્વરે કડક કાર્યવાહી કરવી જોઈએ તેવો સુર વાહનચાલકો તેમજ રાહદારીઓમાંથી ઉઠવા પામ્યો છે.જાહેર માર્ગો ઉપર અડિંગો જમાવી બેઠેલી ગાયો તસ્વીરમાં દ્રષ્ટીગોચર થાય છે.

## સાબરકાંઠા જિલ્લા હિંમતનગર તાલુકાની સંઘવી કે. કે. કે. કોઠારી હાઈસ્કૂલ વક્તાપુરનું ગૌરવ

જિલ્લાકક્ષા એથ્લેટીક્સ વિભાગમાં ૧૦૦ મીટર દોડ જેમાં સંઘવી કે.કે.કે. કોઠારી હાઈસ્કૂલ વક્તાપૂરના રાવલ જય. એ પ્રથમ નંબર લાવી સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર તાલુકો તથા




શાળા તેમજ ગામનું ગૌરવ વધારેલ છે જે બદલ સંસ્થાના મે. ટ્રસ્ટી બી.ડી. પટેલ, શાળાના આચાર્ય ડી.પી. પટેલ તથા શાળાના વ્યાયામ શિક્ષક અને કોચ એફ.કે. મનસુરી તથા સ્ટાફગણ તેમજ ગ્રામજનોએ વિજેતા ખેલાડીને સન્માનિત કરી ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા અને રાજ્યકક્ષાએ સંઘવી કે.કે.કે. કોઠારી હાઈસ્કૂલ, વક્તાપુર તથા હિંમતનગર તાલુકાને ઉચ્ચ નામના અને અનેરી પસિદ્ધિ હાંસલ કરાવે એવી શુભકામના આપી હતી.

## વડગામ તાલુકા કક્ષાના યુવા મહોત્સવમાં ગેલેક્સી સ્કૂલ ઓફ સાયન્સ વડગામ લોકનૃત્યમાં પ્રથમ

વડગામ, તા. ૨૦

વડગામની ગેલેક્સી સ્કૂલ ઓફ સાયન્સ સ્કૂલ લોકનૃત્યમાં સતત ચોથા વર્ષે પણ પ્રથમ ક્રમ મેળવીને તાલુકા તેમજ સ્કૂલનું નામ રોશન કર્યું છે.

વડગામ તાલુકાના થલવાડામાં આવેલી શાહ અમથાલાલ મંછાચંદ હાઈસ્કૂલમાં તાલુકાકક્ષાના બાવનમા યુવા મહોત્સવનુ આયોજન કરાયું હતું. જેમા તાલુકાની ૨૮ શાળાઓએ ભાગ લીધો હતો અને ૩૩ કૃત્રિઓ રજુ કરી હતી. જેમા ગરબા, એકપાત્ર અભિનય, લોકગીત, નિબંધ લેખન, લોકનૃત્ય સહિતની કૃતિઓ રજુ કરાઈ હતી. આ તાલુકાકક્ષાના યુવા મહોત્સવમાં વડગામની ગેલેકસી સ્કૂલ ઓફ સાયન્સના પ્રમુખ કાનજીભાઈ ચૌધરી તેમજ શાળા પરીવારની મહેનત રંગ લાવી છે. ગેલેકસી સ્કૂલ ઓફ સાયન્સ વડગામ નૃત્યકલામાં પ્રથમ નંબર મેળવીને તાલુકાનુ તેમજ સ્કૂલનુ નામ રોશન કર્યુ છે. આ સ્કૂલ દ્વારા સતત ચોથીવાર લોકનૃત્યમાં પ્રથમ ક્રમે મેળવતા શાળા પરીવારની મહેનત રંગ લાવી છે. આ પ્રસંગે દીનેશભાઈ શાહ, સાહીત્ય કાર ડૉ.કીશોરસિહ સોલંકી, વડગામ મામલતદાર આર.સી. ઠાકોર, ટી.ડી.ઓ. એ.એચ. પરમાર, તાલુકા પંચાયતના પુર્વ પ્રમુખ માનસંગભાઈ ઉપલાણા, જિલ્લા પંચાયતના પુર્વ સદસ્ય અજીતસિંહ હડીયોલ, જી.આર. ચૌધરી સહીતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. શાળા પરીવાર કાર્યક્રમનું સફળ સંચાલન કરાયું હતું.

## ખેડબ્રહ્મા તાલુકાના રાધીવાડ પાસેબળદ ગાડા સાથે ટકરાતાં બાઈક સવારનું મોત

ખેડબ્રહ્મા તાલુકાનાં રાધીવાડ ગામ પાસે ગુરુવાર રાત્રિ ના સમયે એક બાઈક સવાર અંધારમાં આગળ જતાં બળદ ગાડ સાથે ટકરાતાં મોત નીપજયું હતું ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશન થી મળતી વિગતો અનુસાર ખેડબ્રહ્મા શહેરના ગણપતભાઈ પટેલ મટોડા ગામે ડોક્ટર તરીકે વ્યવસાય કરે છે ગુરુવારના રોજ તેમનો પુત્ર મયૂરકુમાર મટોડાથી પોતાનું ટી.વી.એસ. બાઈક . જી.જે ૯ સીટી ૮૯૦૪ ની લઈ ખેડબ્રહ્મા આવવા નીકળેલ હતો જે રાધીવાડ પાસે આગળ જતાં બળદ ગાડા ની પાછળ ટકરાય ગયો હતો જેને માથાના ભાગે ઈજાઓ પહોચી હતી. ત્યાં પાછળ આવતા તેના પિતા ગણપતભાઈ આવતા તેમણે પુત્ર ને ઈયજો જોઈ તાત્કાલિક ગાડી લઈ ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલ લઈ આવેલ જ્યાં ફરજ પરના ડોકટરે મયુરને મરણ જાહેર કરેલ હતો. આ અંગે તેમના કુટુંબી અશોકભાઈ રણછોડભાઈ પટેલે ખેડબ્રહ્મા પોલીસ ને જાણ કરતાં પોલીસે ગુન્હો નોધી તપસ હાથ ધરી હતી.



ખેડબ્રહ્મામાં રામકથા નિમિતે પોથીયાત્રા : ખેડબ્રહમણા રાધાકૃષ્ણ મંદિરમાં સંગીતમય રામકથા જ્ઞાનયગનનું તા.૨૦ થી ૨૮ સપ્ટેમ્બર દરમ્યાન આયોજન કરવામાં આવ્યું છે. વ્યાસપીઠ ઉપર અંબાજીના ગોપાલ આશ્રમના સંત રામગોપાલદાસજી મહારાજ બીરજી કથા શ્રવણ કરાવશે. કથા નિમિત્તે શુક્રવારના રોજ સુથાર લીલાબેન અમૃતલાલના નિવાસ સ્થાનેથી વાજતે ગાજતે પોથી યાત્રા કાઢવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો જોડાયા હતા કથાનો સમય રાત્રે ૭.૩૦ થી ૧૧ સુધીનો રાખવામા આવ્યો છે. એમ મંદિરના પૂજારી જસવંતભાઈ પંડ્યાએ જણાવ્યુ હતું.

## ગુજરાત મીડિયા ક્લબ એવોર્ડ સમારોહમાં અરવલ્લીના અંકિત ચૌહાણને ''ટેલિવિઝન ન્યુઝ રિપોર્ટર ઓફ ઘી યર'' એવોર્ડ

ગુજરાત મીડિયા ક્લબના ઉપક્રમે ગુરુવારે રાત્રે યોજાયેલા એવોર્ડ સમારોહમાં પીઢ પત્રકાર અને કટાર લેખક જયદેવભાઈ પટેલને લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે એનાયત કરાયો હતો. જ્યારે બેસ્ટ ન્યૂઝ સ્ટોરી ઓફ ધ ઈયરનો એવોર્ડ (અંગ્રેજી)નો નિકુંજ સોનીને, ગુજરાતી ભાષામાં પ્રિતેષ ત્રિવેદીને એનાયત કરાયો હતો. રિમાર્કેબલ ટેલિવિઝન ન્યૂઝ રિપોર્ટ-જ્યુરિસ સ્પેશિયલ રેક્ગનિશન એવોર્ડ સિદ્ધેશ જોષીને અર્પણ કરાયો હતો. જ્યારે ઓનલાઈન સ્ટોરી ઓફ ધ ઈયર અભિષેકસિંગ રાવ, ટેલિવિઝન ન્યૂઝ રિપોર્ટર ઓફ ધ ઈયર અંકિત અશોકકુમાર ચૌહાણને તથા બેસ્ટ ન્યૂઝ ફોટોગ્રાફર ઓફ ધ ઈયર એવોર્ડ પ્રજ્ઞેશ વ્યાસને એનાયત કરાયો હતો.

ગુજરાત મીડિયા ક્લબ દ્વારા એવોર્ડ સમારોહનું આયોજન કરવા આવ્યું હતું. જેમાં વિવિધ શ્રેણીમાં શ્રેષ્ઠ પદાર્પણ કરનાર ગુજરાત પત્રકારોને એવોર્ડથી સન્માનિત કર્યા હતા. આ મીડિયા એવોર્ડ સમારોહમાં ગુજરાતની મીડિયા સંસ્થાનની શ્રેષ્ઠ ૬ સ્ટોરીને સન્માનિત કરવામાં આવી હતી. જેમાં ''ટેલિવિઝન ન્યુઝ રિપોર્ટર ઓફ ઘી યર'' શ્રેણીમાં દૂરદર્શનના અરવલ્લી જિલ્લાના રાજકીય મહાનુભાવોની હાજરીમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે દૂરદર્શન સંવાદદાતા અંકિત ચૌહાણ ને એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો.




સંવાદદાતા અંકિત ચૌહાણને તેમની સ્ટોરી દિવ્યાંગ સ્કૂલ ન્યુઝ રિપોર્ટને વિશેષ સન્માનિત કરવામા આવી હતી. ગુજરાતના મીડિયાજગત લોકો સહિત ઉલ્લેખનીય છે કે નાની વયમાં અંકિત ચૌહાણ એ ગુજરાત નામીડિયા જગત નામના મેળવી છે. અંકિત ચૌહાણ અરવલ્લી જિલ્લામાં વર્ષોથી લોકોની સમસ્યાને વાચા આપવામાં પ્રયત્નશીલ છે. લોકશાહીને જીવંત રાખવા અને સમાજ જીવનના મૂલ્યોને જાળવવામાં પત્રકારિતા અને મીડિયાની ભૂમિકા મહત્વની છે તે તેમને સાર્થક કર્યું છે.

આ એવોર્ડની જ્યુરીમાં ગુજરાતના પૂર્વ મુખ્ય સચિવ પી.કે. લહેરી, ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડો. હિમાંશુ પંડ્યા, ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીના ડિરેક્ટર પ્રો. શાંતાકુમાર, સિનિયર ટેક્સેશન એક્સપર્ટ મુકેશ પટેલ, એનઆઈડીના પૂર્વ ડિરેક્ટર પ્રદ્યુમ્ન વ્યાસ અને સિનિયર પત્રકાર મુકુંદ પંડ્યાએ આપેલી સેવાઓને મીડિયા ક્લબ દ્વારા બિરદાવવામાં આવી હતી. ગુજરાત મીડિયા ક્લબના પ્રમુખ નિર્ણય કપૂરે આવકાર પ્રવચન કર્યું હતું. ઉપપ્રમુખ આશિષ અમીને આભારવિધિ કરી હતી. ઓએનજીસીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અતિથિવિશેષ દિવ્યાંશ બાસુએ ગુજરાત મીડિયા ક્લબની કામગીરીને બિરદાવી હતી.

## વિરોલ ગામે ગેસનો બાટલો લીકેજ થતા ચાર આગમાં લપેટાયા

વિરોલ ગામે ગેસ નો બાટલો લીકેજ થતા ચાર લોકો આગ માં લપેટાયા હતા અને ચાર લોકોને ગંભીર ઈજા થતા સારવાર અર્થે ધાનેરા ની રેફરલ રેફરલ હોસ્પિટલ માં ખસેડવામાં આવ્યા છે ગુજરાત રાજેસ્થાન બોર્ડર ઉપર આવેલા વિરોલ ગામે ગેસ નો બાટલો લીકેજ થતા ચાર લોકો આગ માં લપેટાયા હતા જેમાં વદીબેન પપ્પુભાઈ ગવારીયા, રાણાભાઈ ગવારીયા નેતુકુવર લાધુસિંહ અનેકકુંવર લાધુસિંહ રાજપૂત ને ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે ધાનેરા ની રેફરલ હોસ્પિટલ માં ખસેડવામાં આવ્યા હતા જ્યાં ફરજ પરના તબીબ ડો મિતેષ ડાભી ધ્વારા પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે આગળ રીફર કરવામાં આવ્યા હતા.

## હાપામાં પાંચ પુત્રીઓના પિતાને પુત્રીઓએ અપાવી ઓળખ

# ત્રણેય પુત્રીઓની કિકે પહોચાડી રાષ્ટ્રીય સ્તરે

## હિમતનગરમાં ચા વેચીને ત્રણ પુત્રીઓને કરાટેમાં તાલીમ અપાવી રાષ્ટ્રીય સ્તરે સફળતા મેળવી

નામના અપાવનાર રમત કરાટે એ સ્વરક્ષણ પણ કરી શકે છે ત્યારે હિમતનગરમાં ચા વેચીને દીકરીઓની ઈચ્છાને ધગસ સાથે વેગ આપનાર ગજેન્દ્રસિંહની પુત્રીઓએ



રાષ્ટ્રીય કક્ષાએ કિક મારીને હવે આંતરરાષ્ટ્રીય કક્ષાએ પહોચવા તનતોડ મહેનત કરી રહી છે.અને આ ત્રણ પુત્રીઓ પણ દીકરીઓ માટે પ્રેરણા સ્વરુપ બની રહી છે પાંચ પુત્રીઓના પરીવારમાં ત્રણ પુત્રીઓએ પિતાનુ નામ તો રોશન કર્યુ જ છે.જેને લઈને સરકારે પણ હવે માસીક પાંચ હજાર રુપીયા સહાય પણ શરુ કરી છે.

પ્રેક્ટીસ કરતી દીકરીઓ તોરલ,માયા અને બીજલ રમતમાં જવાની પ્રબળ ઈચ્છા હતી જે ઈચ્છાને પિતાએ પૂર્ણ કરી છે બાકીની બે બહેનોને પણ તેમની સાથે કરાટે શીખવાડવાની વાત કરે છે.કહેવાય છે કે દીકરો દીકરી એક સમાન અને એ વાત અહી સાર્થક થઈ છે હિમતનગરના હાપા ગામમાં રહેતા અને ચા બનાવી દીકરીઓની ઈચ્છા પૂર્ણ કરવા માટે તમામ પ્રયત્નો કરી રહ્યા છે પિતા તો બીજી તરફ ત્રણ પુત્રીઓએ પણ પિતાનું નામ રોશન કર્યુ છે અને મેળવ્યો છે રાષ્ટ્રીય કક્ષાએ કરાટેમાં સિલ્વર મેડલ જેને લઈને સરકારે પણ દર મહીને રૂ પાચ હજાર મદદ કરી રહી છે તો ચા બનાવતા પિતાએ પણ પોતાની પાચ દીકરીઓને દીકરા બનાવીને તેમને જોઈતી મદદ કરી તેમની ઈચ્છાઓ પૂર્ણ કરવા પ્રયાસ હાથ ધર્યો છે. દીકરીઓને ખરા અર્થમાં શક્તિશાળી હોય છે તે સાબરકાંઠાના હિંમતનગરથી ૧૦ કિમી દુર આવેલ હાપા ગામની આ દીકરીઓએ રમત ગમતમાં કરાટેમાં પોતાનુ કૌવત દેખાડી બતાવ્યુ છે અને રાષ્ટ્રીય કક્ષા સુધી પહોંચી ને સીલ્વર મેડલ પણ મેળવી ચુકી છે. હાપા ગામના ગજેન્દ્રસિંહ મકવાણાની દીકરી તોરલે પરીવારમાં સૌથી પહેલા કરાટે ની તાલીમ લેવા માટે પહેલ કરી દેખાડી અને પરીવારે તે માટે તેના ચહેરા પર રહેલા જુસ્સા કરતા બમણાં જોમ અને જુસ્સા થી તેને છ વર્ષ અગાઉ કરાટેની તાલીમ અપાવવી શરુ કરી આ જોઈને તેમની બીજી દીકરી માયા એ પણ તોરલની જેમ કરાટે ને અજમાવવા શરુઆત કરી અને બાદમાં બીજલે પણ પોતાની બંને મોટી બહેનોની માફક કરાટેમાં જોડાઈ છે. આમ ત્રણેય પુત્રીઓએ કરાટેમાં તાલીમ મેળવીને સ્થાનિક કક્ષાએ થી સફળતા મેળવ્યા બાદ હરણફાળ મેળવવા લાગી છે.ત્રણેય બહેનોનો ધ્યેય છે કે તેઓ આંતરરાષ્ટ્રીય સ્તરે કૌવત દેખાડવા માંગે છે અને એ માટે તેઓ સતત આ માટે પરીશ્રમ કરી રહી છે.દિવસમાં ચાર કલાક પ્રેક્ટીસ કરી રહી છે.કરાટે ખેલાડી તોરલ મકવાણાએ જણાવ્યું હતું કે અમે પરીવારમાં પાંચ બહેનો છીએ અને જેમાં અમે ત્રણ બહેનો કરાટે શિખ્યા છીએ અને અમે નેશનલ સુધી બે બહેનો પહોંચ્યા છીએ, આગામી ટાર્ગેટ ઈન્ટરનેશલન ગેમ્સમાં ભાગ લેવાનો છે.તો ખેલાડી બેન માયા મકવાણાએ જણાવ્યું હતું કે અમે આ માટે ઘરે અને મેદાનમાં પણ તાલીમ મેળવવા માટે જઈ છીએ અને નિયમીત તાલીમ મેળવીને અમે નેશનલ સુધી પહોંચ્યા છે, આશા છે કે હજુ ઈન્ટરનેશલ લેવલ સુધી પહોંચીશ.સૌથી મોટી તોરલ હાલમાં તેર વર્ષ ની છે અને તે કરાટેમાં બ્લેક બેલ્ટ ધરાવે છે તો બીજી પુત્રી માયા હાલમાં અગીયાર વર્ષની છે અને તે બ્રાઉન બેલ્ટ ધરાવે છે તો સૌથી નાની સાત વર્ષની બીજલે પણ બંને બહેનોના પગલે હાલ ઓરેન્જ બેલ્ટ હાંસલ કરી ચુકી છે અને તે પણ બ્લેક બેલ્ટ મેળવવાની ધગશ ધરાવે છે. ગજેન્દ્રસિંહ મકવાણાં આમ તો ચા ની નાનકડી દુકાન ધરાવે છે અને ચાની દુકાન થી સાંજ પડ્યે થતી ત્રણ આંકડાની માંડ આવકમાંથી પોતાના પરીવારનુ ગુજરાન કરે છે.ગુજરાન કરવાની સાથે કરાટે ની તાલીમ દીકરીઓને આપવી અને તે માટે કરવો પડતો ખર્ચ પણ મસમોટો હતો છતાં પણ તેમણે મનને મક્કમ કરીને પોતાની પુત્રીઓને તેમના ઈચ્છા અને સપના પુરા કરવા શક્ય તમામ પ્રયાસો કર્યા અને એ જાણે કે હવે સફળતાને આંબી ચુક્યા છે. ત્રણ પૈકી બે પુત્રીઓ તોરલ અને માયા બંને નેશનલ સ્કુલ ગેમ્સ માં સફળતા મેળવી ચુકી છે અને તેઓ હજુ પણ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ખિતાબ મેળવે તે માટે તૈયારીઓ કરાવી રહ્યા છે.

પાંચેય દીકરીઓ દીકરા જ છે અને એટલા જ મનોબળ થી દીકરીઓએ પણ પોતાને શક્તિશાળી દીકરા સમાન હોવાનુ પણ જાણે કે સાબિત કરી બતાવ્યુ છે અને હવે પિતા હોવા છતાં પણ હવે તેઓ



દીકરીઓની સફળતાના નામ થી જ ઓળખાવા લાગ્યા છે. કેન્દ્ર સરકાર પણ તેમની બંને પુત્રીઓ માટે હવે દર માસે પાંચ-પાચ હજાર રુપીયા સહાય આપે છે. આમ હવે પુત્રીઓને તાલીમ અને અભ્યાસમાં પણ આર્થીક રીતે રાહત થઈ છે.તો અંગે પિતા ગજેન્દ્રસિંહ મકવાણાએ જણાવ્યું હતું કે મારા માટે મારી પુત્રીઓ દીકરા જ છે અને એ રીતે જ તેમને આગળ વધારી છે, ચા અને ખેતીકામ કરીને ગુજરાન ચલાવુ છુ પણ આશા છે કે દીકરીઓ આંતરરાષ્ટ્રીય રમત સુધી પહોંચી શકશે.આ અંગે કોચ જુજારસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે બે પુત્રીઓ નેશનલ ગેમ્સમાં સફળ થઈ છે અને એટલે જ તેમને સરકારે પણ સહાય આપવી શરુ કરી છે, બંને તૈયાર કરવા માટે તેના પિતા ચા ની દુકાનમાં થી ઓછી આવક હોવા છતાં પણ તૈયાર કરી છે.જો મન જ મજબુત હોય તો માસુમ દીકરીઓ પણ પોતાની જાતને દિકરા કરતા પણ વધુ મજબુત બની શકે છે એ વાતને ત્રણેય દીકરીઓના જુસ્સા અને સફળતાએ પુરવાર કરી બતાવી છે.